# પાલનપુર, ધાનેરામાં ધૂળેટીની ધૂમ





## પાલનપુર પંથકના ગોળા, જલોત્રા સહિત તમામ ગામડાઓમાં ઉજવાઈ હોળી

## વિવેકાનંદ સોસાયટીમાં જો કોઈ પાકો રંગ વાપરે તો વસુલાય છે એક હજાર દંડ

પાલનપુર, તા. ૨૫

ધૂળેટી એટલે રંગોનો તહેવાર.આ પર્વમાં લોકો એકબીજાના મો રંગીને અનેરો આનંદ માણતા હોય છે.બનાસકાંઠા જિલ્લામા પણ ઠેર ઠેર ધૂળેટીની ઉજવણી કરાઈ હતી.જિલ્લા સહિત પાલનપુર પંથકના ગ્રામીણ વિસ્તારોમા પણ ધૂળેટીની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તો બીજી તરફ ગ્રામીણ વિસ્તારોમાં ધૂળેટીનુ મહત્વ વધ્યુ હોય તેવા દશ્યો સર્જાયા હતા. પાલનપુર શહેરના ગોળા, જલોત્રા સહિતના ગ્રામીણ વિસ્તારોમાં સંગીતના તાલ સાથે લોકોએ નાચ ગાન કરીને ધૂળેટીની ઉજવણી કરી હતી.જો કે ગામડાઓમાં આ વખતે લોકોએ સૂખી ધૂળેટી રમતા જોવા મળ્યા હતા. ગ્રામીણ વિસ્તારમાં નાના ભૂલકાઓથી લઈ મોટી ઉંમરના લોકો પણ આ રંગોના તહેવારમાં રંગાયા હતા.રંગોના આ તહેવાર સાથે નાનાભૂલકાઓએ પાણીના હોજમાં ડૂબકી લગાવી અનેરો આનંદ પ્રગટ કર્યો હતો.

બીજી તરફ ગામના યુવાઓએ સુખૂ ધૂળેટી રમી લોકોને કેમકિલયુકત કલરોથી દૂર રહેવા અનેરો સંદેશો આપ્યો હતો.

**ધાનેરા**

સમગ્ર દેશ માં લોકો ધૂળેટીના પર્વની ધામ-ધૂમ થી ઉજવણી કરી રહ્યા છે, એક બીજા પર કલર નાખી ખુશી માનવી રહ્યા છે ત્યારે ધાનેરા માં આવેલી વિવાકાનંદ સોસાયટી ના રહીશો વહેલી સવાર થી ભેગા મળી ડી.જે તળે કાચા રંગથી ખુબ ઉત્સાહ સાથે ધૂળેટી રમે છે અને એક બીજાને ધૂળેટી ની શુભેચ્છા પાઠવે છે આ સોસાયટી માં ભાઈઓ અને બહેનો ભેગા મળી ધૂળેટી રમે છે અને તે પણ કાચા કલરથી અને જો કોઈ સોસાયટી માં પાકો કલર વાપરે તો તેની પાસેથી દંડ પેટે એક હજાર રૂપિયા વસુલ કરવામાં આવે છે. જો સમગ્ર દેશમાં કાચા રંગથી ધૂળેટી રમવામાં આવે તો લોકો ના શરીરને થતા નુકશાને અટકાવી શકાય અને પાણીનો પણ બચાવ કરી શકાય છે.

# ધાનેરાના થાવર ગામે ધૂળેટીના દિવસે જૂની પરંપરા મુજબ રમાય છે ગેર નૃત્ય



સામાન્ય રીતે તો દેશભરમાં ધૂળેટીના દિવસે લોકો એક બીજા ઉપર કલર નાખી ધૂળેટીના તહેવારની ઉજવણી કરતા હોય છે પણ બનાસકાંઠા જીલ્લાના ધાનેરા તાલુકાના થાવર ગામે ધૂળેટીના દિવસે ગામના યુવાનો સહીત ગામના વડીલો પણ ગામઠી પોષાકમાં સજ્જ થઈ હાથમાં લાંબી લાકડી લઈ ગેર નૃત્ય રમે છે. આ ગેર નૃત્ય જોવા માટે થાવર ગામ સહિત આજુ-બાજુના ગામથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. આ ગેર નૃત્યમાં કોઈ પણ જાત નો ભેદભાવ રાખવામાં આવતો નથી અને તમામ કોમના લોકો ભેગા મળી ગેર રમી ધૂળેટીના પર્વની ધામધૂમથી ઉજવણી કરે છે. ધૂળેટીના દિવસે લોકો ગેર રમે છે અને ધૂળેટીના બીજા દિવસે થાવર ગામના લોકો એક બીજા પર રંગ નાખી ધૂળેટીની ઉજવણી કરે છે. થાવર ગામમાં વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ગેર નૃત્ય રમી ધૂળેટીના પર્વની ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા ૪ ગુલ્લીબાજ વિદ્યાસહાયકોને પાણીચું

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા કેટલાક વિદ્યાસહાયકો છેલ્લા બે વર્ષથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની મંજુરી વગર રજા પર ઉતરી જનાર ચાર વિદ્યાસહાયકોને પાણીચુ આપવામાં આવતા ગુલ્લીબાજ વિદ્યા સહાયકોમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા બુધવારે ખેડબ્રહ્મા તાલુકાના ચાર ગુલ્લીબાજ વિદ્યા સહાયકોને પાણીચુ આપી દેવાનો આદેશ કર્યો હતો.

આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં વિદ્યાસહાયક તરીકે નોકરી કરતા કેટલાક શિક્ષકો ફરજ પ્રત્યે બેદરકારી દાખવી અનિયમિત હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી.

ખેડબ્રહ્મા તાલુકામાં ફરજ બજાવતા વિદ્યાસહાયકો છેલ્લા બે વર્ષથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની પૂર્વ મંજુરી લીધા વગર રજા પર ઉતરી જતા વિદ્યાથીઓનું ભાવિ અંધકારમય બન્યુ હતું. પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ પુરવા માટે રાજય સરકારે વિદ્યાસહાયકોની ભરતી કરી હોવા છતાં કેટલાક વિદ્યાસહાયકો ફરજ પ્રત્યે અનિયમિત હોવાનું માલૂમ પડતા ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.બિપીનચંદ્ર ત્રિવેદી દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરીને તાલુકા કેળવણી નિરીક્ષકો પાસેથી માહિતી મંગાવામાં આવી હતી. આ અંગે વધુ માહિતી આપતા ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. બિપીનચંદ્ર ત્રિવેદીએ જણાવ્યુ હતું કે વિદ્યાસહાયકો છેલ્લા બે વર્ષથી મંજુરી લીધા વગર રજા પર હોવાની ફરિયાદો મળતા તપાસ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત બુધવારે અનિયમિત એવા ચાર વિદ્યાસહાયકોને પાણીચુ આપવા માટેના ઓર્ડર કરી દેવામાં આવ્યા છે.

**કયા વિદ્યાસહાયકોને પાણીચું**

- દિપીકાબેન પ્રવિણકુમાર મકવાણા (અંબાઈગઢા)
- ઓઝા સ્નેહલબેન મંગળભાઈ (વલસાડી પ્રાથમિક શાળા)
- ચિરાગભાઈ.બી.પટેલ (ડેભાડા પ્રાથમિક શાળા)
- નજમાબેન મનસુરી (દોતડ પ્રાથમિક શાળા)

# અરવલ્લી જિલ્લામાં હોળી-ધૂળેટીની રંગારંગ ઉજવણી





## મોડાસાના સાકરીયા ગામે લઠ્ઠામાર હોળી : જિલ્લામાં રંગોના પર્વમાં ભુલકાઓ સહિત યૌવન હિલોળે ચઢ્યું : જિલ્લાના અનેક વિસ્તારોમાં ઠેર-ઠેર હોલિકાદહન : પ્રજાજનોએ દર્શન કર્યા

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં હોળી પર્વની ભારે ઉત્સાપૂર્વક ઉજવણીમાં જિલ્લાના પ્રજાજનોએ બુધવારે વિવિધ વિસ્તારોમાં હોલીકાદહન કરી મનાવી હતી. જિલ્લાના નવપરણીત યુગલ, હોળી પહેલા જન્મેલા બાળકો સહિત ભુલકાઓ, વડીલોએ હોળીના પાંચ ફેરા ફરી દર્શન કરી શ્રીફળ વધેરી, ધાણી, ખજૂરનો પ્રસાદ આરોગી લુફ્ત ઉઠાવ્યો હતો. ગુરૂવારે રંગોના પર્વે ધુળેટીની રંગારંગ ઉજવણીમાં અબાલ વૃદ્ધ સહિત મહિલાઓ ધુળેટીની ઉજવણીનો અનેરો આનંદ લીધો હતો. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ધૂળેટીના પર્વ નિમિત્તે ઘેરૈયાઓએ વાતાવરણ રંગીન બનાવી દીધું હતું.

ફાગણવદ એકમ હોળીનો બીજો દિવસ ધૂળેટીની સમગ્ર જિલ્લાના મંદિરો સહિત પ્રજાજનોએ ધૂળેટીના પર્વને ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી કાળીયા ઠાકોરના મંદિરમાં ઉત્સવની ઉજવણી ભક્તોએ શામળાજીને મથુરા અને વૃંદાવન બનાવી દીધુ હતુ. શામળાજી મંદિરમાં ભક્તો અને ભગવાન કાળિયા દેવના મંદિરના પૂજારીએ ચાંદીની પિચકારી વડે ભક્તોને ઉપર કલરનો છંટકાવ કર્યો હતો. ત્યાર બાદ ભક્તોએ મંદિર પરિસરમાં અબીલ ગુલાલ, કંકુ, કેસુડાનો રંગ વડે ધુળેટીની ઉજવણી કરી હતી. મોડાસાના ગોકુલનાથ મંદિરમાં પણ પાણીનો બગાડ ન થાય તે માટે ડ્રાય હોળી-ઝૂળેટીની ઉજવણી કરી હતી. જિલ્લાના અનેક મંદિરોમાં ધૂળેટી પર્વ નિમિત્તો ભકતજનોએ મંદિર પરિસરોમાં ધુળેટી પર્વની ઉજવણી કરી હતી. મોડાસા તાલુકાના સાકરીયા ગામે વર્ષોથી પેઢીઓથી પરંપરાગત રીતે ચાલી આવતી પ્રથા પ્રમાણે લઠ્ઠામાર હોળી ઉજવાઈ હતી. ધૂળેટીના દિવસે સાકરીયા અને આજુબાજુના ગામોના લોકો બપોર પછી લક્ષ્મીનારાયણ મંદિરે ભેગા મળી રાસ-ગરબાની રમઝટ જમાવે છે. અને લાકડીઓ વડે રમાતા રાસમાં ઢોલના તાલે ઘેરૈયાઓ ઝુમી ઉઠે છે. સાકરીયા ગામ અને આજુબાજુના ગામડાના લોકો અને યુવાનો ફરજીયાત લઠ્ઠામાર હોળી રમવા વતને પહોંચી જાય છે. ઉજવણી પૂર્ણ છતા છાસ અને ચણાનો પ્રસાદ આરોગી ઘેરૈયાઓ ઘર તરફ પ્રયાણ કરે છે.

મેઘરજના બાંઠીવાડા અને આજુબાજુના ૧૨ પરાના લોકો ધુળેટીની વહેલી સવારથી જ ઢોલ-નગારા લઈને બાંઠીવાડા ગામે પહોંચી હોળી ધુળેટીની ઉજવણી કરે છે. ધૂળેટીના દિવસે ૧૦૦૦૦ થી વધારે લોકો એકઠા થઈ હોળી-ધૂળેટીની ઉજવણી રાસ રમી કરે છે. બાંઠીવાડા હોળી દુશ્મનાવટ માટે ખૂબ જ જાણીતી હતી. આ દિવસે દુશ્મનાવટ ધરાવતા લોકો એકબીજાને વેર ઉતારવા માટે ખાસ આ દિવસની રાહ જોતા હતા.

અરવલ્લી જિલ્લામાં યૌવન હિલોળે ચઢ્યું હતું અને યુવાન યુવતીઓ એકબીજાને ધુળેટી પર્વને પ્રેમથી રંગતા અને રંગાતા નજરે ચઢતા હતા.

# આજાવાસમાં ઝઘડાની અદાવત રાખી હુમલો કરાતાં ચાર વિરૂધ્ધ ફરિયાદ

## અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી એક શખ્સને ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી

પોશીના, તા. ૨૫

પોશીના તાલુકાના આજાવાસ ગામે મંગળવારે ખેતરમાં કામ કરતા એક શખ્સ સાથે ગામના જ ચાર જણાએ આવી અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી એક શખ્સને ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચારેય જણા વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આજાવાસ ગામે રહેતા સરવણભાઈ વીરમાભાઈ ગમાર તેમના ખેતરમાં મંગળવારે કાપેલા ઘઉં ભેગા કરી રહ્યા હતા ત્યારે ગામના જ તારુભાઈ ભાડાભાઈ ગમારે આવી સરવણભાઈના ભાઈ રોશનભાઈને આવીને કહ્યુ હતું કે અગાઉ મારા કાકા સાયબાભાઈને કેમ માર્યા હતા તેમ કહી ગાળો બોલવાનું શરૂ કર્યુ હતું. જેથી રોશનભાઈએ ગાળો બોલવાની ના પાડતા તારુભાઈએ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ ભાડાભાઈ અનાભાઈ ગમાર, રમેશભાઈ પુંજાભાઈ ગમાર અને જયંતિભાઈ સાયબાભાઈ ગમારે આવીને પથ્થરો મારી રોશનભાઈ અને સરવણભાઈને ઈજા પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતા સરવણભાઈ ગમારે ચારેય જણા વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# હિંમતનગરના કોન્ટ્રાકટર ગુમ થતાં ફરિયાદ

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર મહાવીર નગરમાં આવેલા જલારામ મંદિર પાસેની જલારામધામ સોસાયટીમાં રહેતા અને કન્સ્ટ્રકશન વ્યવસાય કરતા બિપીનભાઈ સોમાભાઈ પટેલ (ઉ.વ.૪૫) તા. ૨૧ માર્ચને સોમવારે સવારે છએક વાગ્યાના સુમારે તેમની પત્નિને કન્સ્ટ્રકશનના કામ અર્થે આણંદ જવાનું કહી નીકળ્યા હતા. કામ જોવા ગયેલા કોન્ટ્રાકટર બિપીનભાઈ પટેલ બુધવાર સુધી પણ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. બિપીનભાઈ પટેલના પત્નિ અંજનાબેન પટેલે બુધવારે ઘટના અંગેની હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી હતી.

# સરવણા નજીક ઓવરબ્રીજ પરથી બાઈક પટકાતાં બેનાં મોત : એકને ઈજા

હિંમતનગર

હિંમતનગર-શામળાજી ને.હા.માર્ગ પર ગાંભોઈ નજીકના સરવણા ગામ પાસે આવેલા ઓવરબ્રીજ પર બુધવારે સવારે પુરઝડપે આવી રહેલ બાઈક સ્લીપ ખાઈ ઓવરબ્રીજ પરથી નીચે પટકાતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક સાથે બે યુવકોના ગંભીર ઈજાઓને પગલે ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યા મોત થયા હતા. જયારે બાઈક પર સવાર એક યુવતીને ઈજાઓ થતાં ગાંભોઈ ખાતે સારવાર અપાવી વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં ખસેડાઈ હતી.

**મોતને ભેટનાર યુવકો**

- રાહુલસિંહ ઈન્દુસિંહ પરમાર (રહે.નવા બળવંતપુરા, હિંમતનગર)
- કેયુર જગદીશભાઈ પંચાલ (રહે.વાઘેશ્વરી સોસાયટી, હિંમતનગર)

**ઈજાગ્રસ્ત**

- નેહા પિંકેશભાઈ સોલંકી (રહે.બસ સ્ટેન્ડ સામે, હિંમતનગર)

જીવલેણ અકસ્માતની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર હિંમતનગરના નવા બળવંતપુરા ખાતે રહેતો રાહુલસિંહ ઈન્દુસિંહ પરમાર બાઈક નં.જીજે.૯.એપી.૧૯૩૪ પર પાછળ હિંમતનગરના યુવક કેયુર પંચાલ તેમજ બસ સ્ટેન્ડ સામે રહેતી નેહા સોલંકીને બેસાડી બુધવારે સવારે અગિયારેક વાગ્યાના સુમારે ગાંભોઈ તરફ આવી રહ્યો હતો. તે દરમિયાન પુરઝડપે આવતું બાઈક સરવણા ગામ નજીકના ઓવરબ્રીજ પર અચાનક સ્લીપ થઈ જતા ત્રણેય બાઈક સવાર સાથેનું બાઈક ઓવરબ્રીજ પરથી નીચેના ભાગમાં પટકાતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની આ ગોઝારી ઘટનામાં બાઈક ચાલક રાહુલસિંહ ઈન્દુસિંહ પરમાર (ઉ.વ.૨૨, રહે.નવા બળવંતપુરા) પાછળ બેઠેલો કેયુર પંચાલને (ઉ.વ.૧૭, વાઘેશ્વરી સોસા.હિંમતનગર) ગંભીર ઈજાઓ પહોંચતા બંને યુવકોના ઘટના સ્થળ પર જ કરૂણ મોત થયા હતા. જયારે નેહા સોલંકીને પણ શરીરે ઈજાઓ પહોંચતા તેને પ્રથમ ગાંભોઈ ખાતે સારવાર અપાવી વધુ સારવાર માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અકસ્માતના બનાવ અંગે મૃતક કેયુરના મામા ભરતભાઈ વિઠ્ઠલભાઈ પંચાલે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મૃતક બાઈક ચાલક વિરૂધ્ધ ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.



આનંદપુરાકંપામાં લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. આનંદપુરાકંપા ભાઈઓ દ્વારા કરવામાં આવ્યું. લા. પ્રમુખ સુરેશ પટેલ લા. કનુભાઈ પટેલ તેમજ રસીકભાઈ, જયંતીભાઈ અને સર્વે યુવાન મિત્રો સહકારથી આખા ગામમાં ડસ્ટબિન મુકવામાં આવ્યા છે.

# પ્રાંતિજ ખાતે શહિદ દિનની ઉજવણી કરવામાં આવી

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજ ખાતે શિવ મ્યુઝિક શોપ એન્ડ હેત મ્યુઝિક ક્લાસીસ અને જાયન્ટસ ગૃપ દ્વારા રેલી યોજી શહિદોને શ્રદ્ધાંજલિ આપી શહિદ દિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ ખાતે શિવ મ્યુઝિક શોપથી રાંદલ મહાકાલી મંદિર સુધી દેશ માટે શહિદ થયેલ ભગતસિંહ, સુખદેવજી, રાજગુરૂ ત્રણેય શહિદોનો શ્રદ્ધાંજલિ રેલીનું આયોજન શિવ મ્યુઝિક શોપ અને જાયન્ટસ ગૃપ પ્રાંતિજ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં હેત મ્યુઝિક ક્લાસીસના વિદ્યાર્થીઓ જાયન્ટસ ગૃપના પ્રમુખો કાર્યકરો તથા ગામના આગેવાનો સહિત લોકો જોડાઈને કેન્ડલ રેલી યોજી ત્રણેય શહિદોને મહાકાલી મંદિર ખાતે સ્વાતંત્ર્ય સેનાની ઈશ્વરભાઈ દેસાઈના બાવલા આગળ તેમની પ્રતિમાને હાર, પુષ્પો દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં મુકુંદભાઈ, સમીરભાઈ, વજેશભાઈ, બ્રિજેશભાઈ સહિત જાયન્ટસ કાર્યકરો સહિત લોકો મોટી સંખ્યામાં જોડાઈને શહિદોને યાદ કરી મૌન પાડી રાષ્ટ્રીય ગીત સાથે સન્માન આપવામાં આવ્યું હતું.

# કાનપુર અને વસાઈમાંથી ૯ પશુ ચોરાતાં ફરિયાદ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં અનેક સ્થળે પશુ ચોર ટોળકી સક્રિયા બની હોવાથી પશુપાલકોમાં ભયની લાગણી ફેલાઈ છે. જે અંગે ભૂતકાળમાં અનેક ફરિયાદો નોંધાવાઈ હોવા છતાં પોલીસ આ પશુચોર ટોળકીને પકડવામાં નિષ્ફળ રહી છે. દરમિયાન મંગળવારે રાત્રે કાનપુર અને વસાઈની સીમમાં આવેલ તબેલાઓમાંથી અજાણ્યા શખ્સો અંદાજે ૯ પશુની ચોરી કરી ભાગી જતા જે અંગે કાનપુરના પશુપાલકે બડોલી આઉટપોસ્ટમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ કાનપુર ગામના દેનિકકુમાર નરસિંહભાઈ પટેલનો તબેલો સીમમાં આવેલો છે ત્યારે ત્યાંથી અજાણ્યા શખ્સો રૂા.૮૦ હજારના ત્રણ પશુ ચોરી ગયા હતા. ઉપરાંત રઘજીભાઈ પ્રભુવજીભાઈ પટેલ તથા નરસિંહભાઈ રેવાભાઈ પટેલના બે પશુ ચોરી ગયા હતા. તેજ પ્રમાણે અજાણ્યા શખ્સો વસાઈ ગામના જગજીવનભાઈ ભીખાભાઈ પટેલનું એક તથા દિનેશભાઈ મુલચંદભાઈના ત્રણ પશુઓની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે દેનિકકુમાર પટેલે બડોલી આઉટપોસ્ટમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.